માણસ તારા સૌંદર્યનો અનુવાદ છે ખુદા,
માણસ તારા હોવાપણાની દાદ છે ખુદા!

દુનિયામાં તારી મોકલી છેતરતો ના મને,
જન્નતનો વારસદાર છું એ યાદ છે ખુદા!

જીવનમરણનાં કેટલાં કારણ ઊભાં કર્યાં,
તારા વિશે તો ક્યાં કશી ફરિયાદ છે ખુદા!

માણસ છે ને માણસ કરે વિશ્વાસઘાત પણ,
તારા તરફની શ્રદ્ધા પણ બરબાદ છે ખુદા!

તારા વગર તો ક્યાંય પણ માથું નમ્યું નથી,
સજદાને માટે તું જ બસ એકાદ છે ખુદા!

જન્નતના ઠેકેદારો જહન્નમના નામથી,
એવા ડરાવે જાણે કે જલ્લાદ છે ખુદા!

હું પણ ખલીલ એને વધુ તો શું કહી શકું,
સંભાળજો આ આજની ઓલાદ છે ખુદા!

■

# સાંવરિયો

તીખો રાખે મિજાજ સાંવરિયો,
ક્યાં કરાવે ઈલાજ સાંવરિયો!

પ્રેમમાં રડવું, ડરવું, શરમાવું,
તોડશે એ રિવાજ સાંવરિયો!

સાવ ખુશબૂના ફોટા પાડી લે,
એવો છે ભેજાબાજ સાંવરિયો!

કોઈ પૂછે તો મારે શું કહેવું,
કેમ આવ્યો ન આજ સાંવરિયો!

આમ ન આવે પણ ખરા ટાણે,
રાખશે મારી લાજ સાંવરિયો!

ખાતરી છે અધૂરાં નહિ રાખે,
મારાં સૌ કામકાજ સાંવરિયો!

પાઘડી જો ખલીલ માગે તો,
એને પહેરાવે તાજ સાંવરિયો!

મુશળધાર વરસે કે હળવેથી ટપકે, એ વાદળ નથી તો પછી બીજું શું છે?
વરસતાં ન જોયું, ટપકતાં ન જોયું, એ ઝાકળ નથી તો પછી બીજું શું છે?

વસાવ્યો છે આંખોમાં તે મારો ચહેરો, એ આંખોને ક્યાં આંજવાની જરૂરત,
આ પાંપણની ધારે શરમ થઈને ચળકે એ કાજળ નથી તો પછી બીજું શું છે?

બધા નિર્ણયો મારા પોતાના રાખું, મને તો મારી જાત પર છે ભરોસો,
મેં પાંખો વગર પણ ઉડાનો ભરી છે, મનોબળ નથી તો પછી બીજું શું છે?

અકીદા કે શ્રદ્ધા, એ સાચું હશે પણ, મળ્યું ક્યાં કોઈ કોઈને રૂબરૂમાં,
અહીં સ્વર્ગ પણ ધારણારૂપે આવે, એ અટકળ નથી તો પછી બીજું શું છે?

તમે અમને કો' છો કે ધીરજ તો રાખો, ઉતાવળ ના કરશો વગોવાઈ જાશો,
તમે આવતાંમાં જવાનું કહો છો, ઉતાવળ નથી તો પછી બીજું શું છે?

કવિતાથી લઈ જાસાચિઠ્ઠી સુધીનાં સહે છે જે લીટા-લસરકાનાં જખ્મો,
તમે દર્દ જ્યાં ઠાલવો છો હૃદયનું એ કાગળ નથી તો પછી બીજું શું છે?

એ અશ્રુ નથી, એ છે મોતીના દાણા, મારી આંખ અજવાળાં પહેરી ઊભી છે,
ખલીલ આંખમાં આંખ નાંખીને કે'જો, એ ઝળહળ નથી તો પછી બીજું શું છે?

■

પાળે બેસી કાંકરા નાખે તો વાત આગળ વધે,
સ્થિર જળ કૂંડાળા કંઈ સર્જે તો વાત આગળ વધે!

ટેરવાએ તો ટકોરા ક્યારના વેરી દીધા,
પણ હવે એ બારણું ઊઘડે તો વાત આગળ વધે!

બંને જણને એકસરખી આંચમાં તપવું પડે,
બંને જણમાં આગ જો સળગે તો વાત આગળ વધે!

હોઠ પર મનગમતા ઉત્તર ટાંપીને બેઠા છે પણ,
એ જરા હિમ્મત કરી પૂછે તો વાત આગળ વધે!

આંગળી ઝાલીને મારી ક્યારના બેઠા છે એ,
હાથને કાંડા સુધી પકડે તો વાત આગળ વધે!

સ્પર્શની તાસીર પણ ફળદ્રુપ હોવી જોઈએ,
બંને બાજુ લોહી જો ઊછળે તો વાત આગળ વધે!

ઝાપટાં શું છે ખલીલ આપણને હેલી જોઈએ,
બંને જણ મન મૂકીને વરસે તો વાત આગળ વધે!

■

તને તારી પાસેથી માગું હું એવી દુવા માગવાની તું પરવાનગી દે,
તને દોસ્તી મારી મંજૂર છે તો તને ચાહવાની તું પરવાનગી દે!

હું દરિયાની લહેરોની માફક નથી કે કિનારે સ્પર્શીને પાછો વળી જઉં,
હું આંખોના ઉંબર લગોલગ ઊભો છું, હૃદય લગ જવાની તું પરવાનગી દે!

તું મક્તા વગરની કુંવારી ગઝલ છે, તું શીર્ષક વિનાની નવી વાર્તા છે,
હવે બસ તમન્ના તને વાંચવી છે, તને વાંચવાની તું પરવાનગી દે!

બધા અક્ષરો તારી બારાખડીના હવે મારે મોઢે કરી લેવા પડશે,
ને કક્કાની માફક તને ઘૂંટવી છે, તને ઘૂંટવાની તું પરવાનગી દે!

ભલે તું અછાંદસ છે તો પણ તું જોજે તરન્નુમ પ્રગટશે તારા હોઠમાંથી,
ગઝલ જેમ મારે તને છેડવી છે, તને છેડવાની તું પરવાનગી દે!

કદી કલ્પનામાં કદી રૂબરૂમાં કે મધરાતે સ્વપ્નામાં હું છું કે કોઈ,
ઘણા પ્રશ્નો મારે તને પૂછવા છે, તને પૂછવાની તું પરવાનગી દે!

ખલીલ એ હવે ક્યાંક છટકે ન માટે સરસ પ્રેમપૂર્વક કહી દો કે સાંભળ,
વચન-વાયદામાં તને બાંધવી છે, તને બાંધવાની તું પરવાનગી દે!

■